VIBRANT PHYSIOTHERAPY COLLEGE
Managed By
SHREE SWAMINARAYAN EDUCATION TRUST
Vibrant Campus, At. Masma, Surat-olpad Road, Surat-394540.

STAFF REQUIRE

We are inviting your application for following post:

ASSISTANT PROFESSOR - 2
(M.P.T. with Teaching Experience Preferred)

Qualification and experience - as per University, Govt. of Gujarat and I.A.P norms
Candidate those who are willing to join with us can send their respective CVs within 10 working Days from the date of advertisement by hard copy, physically or email.
Kindly send the CVs on: info.vibrantcampus@gmail.com

પ્રિઝમ મીલ્સ લીમીટેડ

175/1 ને.હા. નં. 8, ગ્રીડ પાસે ફનસીટી હોટલની પાછળ, કબીલપોર, નવસારી

જોઈએ છે

1. કોટન અને વિસ્કોસ કાપડના ડાઈંગ અને પ્રિન્ટીંગ માટે સુપરવાઈઝર અને સીનીયર આસીસ્ટન્ટ.
2. ટેક્ષટાઈલ ડીઝાઈન માટે કોમ્પ્યુટર ડીઝાઈનર
3. સારા અનુભવી ફિટર અને ઈલેક્ટ્રીશીઅન ટેક્ષટાઈલ પ્રોસેસીંગ મશીનરી માટે.
4. શેડ મેચીંગ માટે લેબોરેટરી ટેકનીશીઅન
5. ટેલી એકાઉન્ટ માટે ઓછામાં ઓછો 3 થી 5 વર્ષના અનુભવી એકાઉન્ટન્ટ.

યોગ્ય ઉમેદવાર માટે સારો પગાર.
પસંદ કરાયેલ ઉમેદવાર પ્રિઝમ મિલ્સ લીમીટેડના કર્મચારીઓ હશે. કોઈ માસ્ટર કે કોન્ટ્રાક્ટરના અંદર નહી રહેશે. નોકરીની સુરક્ષાની ગેરંટી આપવામાં આવે છે.

ફોન નં. 9998505951/8160514077

MODEL WOMEN'S COLLEGE
(Managed By: Model Education Trust, Surat)
Rahat Society, Opp. Aamena Sarvajanik Hospital, Gabheni Road, Unn Patiya, Surat-394230.
Mob.88495 33923 / E-mail: office.mwcollegesurat@gmail.com

FACULTY REQUIRED FOR NURSING COLLEGE

Designation	Post	Qualification & Experience
Professor-Cum-Principal	01	M.Sc. Nursing with total work experience of 15 years, out of which 10 years of teaching experience after M.Sc. Nursing. Ph.D. (Nursing) is desirable.
Assistant Professor	02	M.Sc. Nursing (Pediatric Nursing / Community Health Nursing) with 3 years of teaching experience.
Librarian	01	M.Lib.I.Sc. with NET/SLET/PhD.

Important Instructions : • Pay scale as per INC/GNC/UGC/VNSGU & Trust's Norms. • No. of posts may vary as per the workload. • Teaching staff should be registered with the respective Council. • Institution reserves the right to reject any application. • Interested candidates should send their Letter of Application + Updated CV + all relevant self-attested documents within **10 days** of this advertisement on the above given address.
Management

Managed by Shree Uttar Gujarat Education Trust
Shree Uttar Gujarat B.B.A & B.C.A College
(Under Affiliation of - V.N.S.G. University)
Behind Arjun Complex, Near Bank of Baroda, Bhatar Road, Surat - 395001 Ph.: 0261 - 2236076 / 75758 73991
Website : www.sugc.ac.in | E-mail : shreeuttargujaratcollege@gmail.com

EMPLOYMENT NOTICE

No.	Name of the Post	No.of the Post	Qualification
1	Principal (19th Attempt)	1 Post	1) As per U.G.C regulation 30/06/2010 and 18/07/2018, the candidate must possess a minimum 55% marks at MBA and Ph-D degree in the management discipline form a recognized University with evidence of published work and research guidance 2) Associate professor/professor with a total experience of 15 years of teaching/research work in Colleges and other institutions of higher education. 3) A minimum of 10 research publications in peer-reviewed or U.G.C. listed journals. 4) A minimum 110 research score as per appendix II, Table-2, and research score shall be from the minimum of three categories out of six categories.
2	Asst. Prof. (9th Attempt)	3 Post* (BBA)	Business Management - MBA (Marketing) With minimum 55% and NET/SLET/Ph.D.
3	Asst. Prof. (8th Attempt)	3 Post* (BCA)	Computer Science & IT. – MCA/M.Sc. (IT)/M.Sc.(ICT)/ M.Sc.(CA) with minimum 55% and NET/SLET/Ph.D.

*** Subject to number of divisions & actual student admissions.**
The Qualification, pay scale and service conditions are as per norms of U.G.C. Regulations 2018, Veer Narmad South Gujarat University and AICTE guidelines. Interested candidates are required to submit their application with detailed curriculum vitae, all necessary mark sheets must be enclosed along with college Recruitment form, The form can be downloaded from the college website (www.sugc.ac.in). The application should be sent within 10 days from the date of publication of this employment notice via Reg. Post/Speed Post only in favour of **The President /Secretary, Shree Uttar Gujarat Education Trust, Surat**
Date : 21-02-2026 President/Secretary
Place : Surat Shree Uttar Gujarat Education Trust

Note: For the post of Asst. Professor, Candidates who do not possess NET / SLET / Ph.D. may also apply as Teaching assistant as per norms of Veer Narmad South Gujarat University. They will be considered for interview in absence of eligible candidates for remaining vacant position of Assistant Professor.

જીલ્લો સુરત તાલુકો મજુરાના મોજે : આભવાના બ્લોક/સર્વે નં. ૧૩૫, સીટી સર્વે નં. NA/૧૩૫ વાળી જમીન અંગે વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ તથા વળતી જાહેર નોટીસ

સુરત જીલ્લાના તા. મજુરાના ગામ મોજે : આભવાના રેવેન્યુ સર્વે નં./બ્લોક નં. ૧૩૫ થી નોંધાયેલી બીનખેતીની જમીન જેનો સીટી સર્વે નં. **NA**/૧૩૫ વાળી જમીન જેનું જમીનનું ક્ષેત્રફળ ૧૬૯૯૭ ચો.મી. વાળી બીનખેતીની જમીન પૈકી પશ્ચિમ દિશા તરફની ૮૪૯૮ ચો.મી. જમીન યાને ૧૦૧૬૪ ચો.વાર જમીન બાબતે પોતાના અસીલ (અનામી ખરીદનાર)ને વેચાણ આપવાનું નકકી કરેલ જણાવી એડવોકટશ્રી વિજય એમ. પટેલે તા. ૦૫/૦૨/૨૦૨૬ ના રોજ દૈનિક વર્તમાનપત્ર ગુજરાતમિત્રમાં જે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે તે વેચાણ અંગેની જાહેર નોટીસમાં જણાવેલ જમીનમાં મારા અસીલ તથા જમીનના મૂળ માલિક ભાણીબેન બાબરભાઈ ઉર્ફે બાબુભાઈ પટેલને કાયદેસરનો લખાણો કરારો (૧)પિયુષ રણછોડભાઈ પટેલ તથા (૨)વિમલ રણછોડભાઈ પટેલએ કરી આપેલ છે. સબળ, મારા અસીલની લેખિત સંમતિ વિના સદરહું જમીન અંગે કોઈપણ ઈસમોએ કોઈ પણ પ્રકારના ગીરો, બક્ષીસ, વેચાણ યા હરકોઈ પ્રકારના વ્યવહારો કરવા-કરાવવા નહિ. અમોની નોટીસ હોવા છતાં કોઈપણ ઈસમો તરફથી સદર જમીન બાબતે કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા-કરાવવામાં આવશે તો કહેવાતા ખરીદનાર/ટ્રાન્સફરીઓએ ફોજદારી તેમજ દીવાની કાર્યવાહીમાં ઉતરવાનો વારો આવશે. અને તેવા કહેવાતા ખરીદનાર શુધ્ધબુધ્ધિપૂર્વકના ખરીદનાર ગણાશે નહિ અને તેઓને જમીનમાં કોઈપણ પ્રકારના કાયદેસરના હકકો પ્રાપ્ત થશે નહિ અને દાવાદુવીના પ્રકરણોમાં ઉતરવાની ફરજ પડશે તેની સર્વે નોંધ લેવી. તા. ૨૧/૦૨/૨૦૨૬

ટર્મીશ બી. કણીયા | મીરા ટી. કણીયા
તે ભાણીબેન બાબરભાઈ ઉર્ફે બાબુભાઇ પટેલના એડવોકેટસ
Off: 302, 2nd Floor, SNS House 3, Athwalines Surat

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, **અડાજણ** સબ–ડિસ્ટ્રીકટ, **મોજે પાલ** ના **રે.સ.નંબર : ૭૭/૨, બ્લોક નંબર : ૫૭** થી નોંધાયેલ **૩૧૩૬.૦૦ ચો.મી.** જમીન, જેનો સમાવેશ **ટી.પી.સ્કીમ નંબર : ૧૫ (પાલ)** માં થવાથી તેને **ઓરીજીનલ પ્લોટ નંબર : ૬૬** તથા **ફાઈનલ પ્લોટ નંબર : ૬૬** ફાળવવામાં આવેલ છે. જેનું **ફાઈનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૨૧૯૫.૦૦ ચો.મી.** છે. જે ફાઈનલ પ્લોટવાળી જમીનનો **બ્લોક નંબર : ૫૭/ પૈકી ૧** થયેલ છે. મજકુર બીનખેતીની જમીન ઉપર રહેઠાણનાં હેતુસર આયોજીત **સહજ પેનોરેમિક** નામની ઈમારતનાં **બારમાં માળ** ઉપર આવેલ **ફલેટ નંબર : ૧૨૦૪** વાળી મિલ્કત, જેનું **બિલ્ટઅપ ક્ષેત્રફળ ૧૧૯.૮૦ ચો.મી. (કારપેટ ક્ષેત્રફળ ૯૮.૭૮ ચો.મી.)** છે. મજકુર મિલ્કત તેને લાગુ અન્ય તમામ હકકો સહિત તેનાં માલીક–કબજેદાર **ઈન્ફા સહજ – ભાગીદારી પેઢી** દ્વારા પોતાની માલીકી, કબજા તથા ભોગવટાની હોવાનું જણાવીને હમારા અસીલને તબદિલ કરવાનું નકકી કરેલ છે.

જેથી જે કોઈનો સદરહુ મિલ્કતમાં કોઈપણ પ્રકારનો હકક–હિત, લાગ–ભાગ, દર–દાવો, શફીલદારી, અલાખો વિગેરે હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭ (સાત)** માં નીચે દર્શાવેલ ઓફિસનાં સરનામે લેખિત અગર દસ્તાવેજી પૂરાવાઓ સહિત રૂબરૂ મળવું. જો તેમ કરવામાં કસુર અગર વિલંબ કરવામાં આવશે તો મુદત વિત્યે તેનો દસ્તાવેજ નોંધાવીને, કબજો પણ હમારા અસીલ સ્વીકારી લેશે અને તબદિલીનો વ્યવહાર સંપૂર્ણ કરશે. સબળ, મુદત વિત્યે કોઈપણ ઈસમની તકરાર ધ્યાને લેવાશે નહી અને કરવામાં આવશે તો તે રદ જાહેર થશે, જેની લાગતા–વળગતા તમામે નોંધ લેવી.

ઓફિસ : ૧૧૭–૧૧૮, રાજહંસ પોઈન્ટ, જુની ગીતાંજલી સિનેમા, વરાછા રોડ, સુરત.
હમારી મારફત **પ્રશાંત જી. ગોંડલીયા** તે લેનારનાં એડવોકેટ

જાહેર ચેતવણી

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ સીટી તાલુકા, શહેર સુરતના **બેગમપુરા** વિસ્તારમાં આવેલ **સીટી સર્વે વોર્ડ નં.૪, નોંધ નં. ૪૩૮૯, ૪૨૧૪, ૪૩૦૧-અ, ૪૩૦૧-બ તથા ૪૩૦૨** થી નોંધાયેલી મીલકતો હમો નીચે સહી કરનારાઓની સંયુકત માલીકીની ચાલી આવેલ. જે અંગેનો **કૌટુંબીક સ્થાવર મીલકતોની વહેંચણ યાને પાર્ટીશનનો લેખ યાને દસ્તાવેજ મહે.સુરતના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૧૪૨૨૮ થી તા.૦૩/૧૧/૨૦૦૬ ના રોજ નોંધાયેલ છે.** મજકુર અસલ વહેંચણ દસ્તાવેજ તથા તેની અસલ આર.આર.રસીદ હમારાથી શરતચુકથી ક્યાક ગુમ થયેલ છે યાને ગેરવલ્લે થયેલ છે. જેની ઘણી શોધ ખોળ કરવા છતાં પણ તે મળી આવેલ નથી. સદરહું અસલ દસ્તાવેજ કોઈપણ વ્યક્તિને મળેલ હોય કે મળી આવે તો તેનો દુરઉપયોગ ન કરતા હમોને પરત આપશો. જો સદર અસલ દસ્તાવેજનો કોઈપણ વ્યક્તિ, ઈસમ, સંસ્થા દુરઉપયોગ કરશે તો તેની સામે કાયદેસરની ફોજદારી તથા સિવીલ રાહે કાર્યવાહી કરવાની ફરજ પડશે. તેની આથી જાહેર જનતાએ સખ્ત નોંધ લેવી.

મારી મારફત :
વિજય કે.જરીવાલા (એડવોકેટ)
ઓફિસ : ૧૦૩, સિધ્ધી વિનાયક એપાર્ટ., વાડી ફળીયા, પગથીયાશેરી, સુરત.
મો. ૯૮૨૪૧ ૭૫૯૬૯.

મારી સુચનાથી
હંસાબેન જયંતિલાલ વિગેરે
રહેવાસી : ૪/૪૩૮૯, ચોપારાશેરી, બેગમપુરા, સુરત.

ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબડીસ્ટ્રીકટના **મોજે ગામ કરંજ**ના **બ્લોક નં.૧૮**, જેનું ક્ષેત્રફળ હે.૨-૯૫-૩૧ આરે ચો.મી., આકાર રૂા.૨૬.૫૦ પૈસાવાળી ખેતીની જુની શરતની જમીન પૈકી નહેરથી પુર્વ દિશા તરફની આશરે હે.૦-૩૧-૬૪ આરે ચો.મી. જમીન **ચંદ્રિકાબેન જશવંતગીર નાથુગીરની વિધવા, પ્રવિણગીરી જશવંતગીર, રેખાબેન જશવંતગીર, દિનેશગીરી જશવંતગીર, રમેશગીરી કાહયાગીરી, જગદીશગીરી કાહયાગીરી**ના સંયુકત નામે ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહું જમીન મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબળ, સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થા/બેંકના કોઈપણ જાતના લાગભાગ, હકક, હીત સંબંધ, દર-દાવાદુવીના પ્રકરણો, ચાર્જ, બોજા યા ખોરાકી પોષાકીના હકક, અધિકાર હોય તો તેવી બેંક, વ્યકિત કે સંસ્થાઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવાઓ સહિત અમો નીચે સહી કરનારને રૂબરૂ મળવું. જો તેમ કરવા કસુર યા ચુક થશે તો, સદરહું જમીનોમાં કોઈના કોઈપણ પ્રકારનાં લાગભાગ, હકક, અધિકાર યા ખોરાકી પોષાકીના હકક અધિકાર નથી યા હોય તો વેઈવ યાને જતા કરેલ છે. તેમ માની લઈ, અમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજ યા દસ્તાવેજો રજીસ્ટર્ડ કરી/કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈ પણ જાતની તર-તકરાર ચાલશે નહીં.જેની સ્પષ્ટ નોંધ લેશોજી. (તા. ૨૧/૦૨/૨૦૨૬)

ઓફિસ : એ/૧, જય જલારામ કોમ્પલેક્ષ, પહેલા માળે, જલારામ મંદિરની બાજુમાં, મેઈન રોડ ઓલપાડ, મુ.પો.તા. ઓલપાડ, જી.સુરત. મો.નં.: ૮૩૪૭૨ ૨૬૩૩૭/૮૭૫૮૧ ૩૪૮૧૫
ધ્રુવ આર. પટેલ
ઋષિલ આર. પટેલ
એડવોકેટ

મિલ્કતના વેચાણ અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલા વર્ણન અને વીગત વાળી મિલ્કત **શ્રી સમીર નીરંજન કયોળિયા** નાએ તેમની એકલાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી સદરહું મિલ્કત તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. અને તે મિલ્કતનાં નીચેની વીગતના અસલ દસ્તાવેજો તેમનાથી ગેરવલ્લે ગયેલ છે યા ખોવાઈ ગયેલ છે. તે સંજોગોમાં સદરહું મિલ્કત ખરીદ કરતા પહેલા અમારા અસીલ સદર મિલ્કત ના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે કે નહી તે બાબત નીશ્ચીત કરી તેની ખાતરી કરવા માંગે છે. અને તે બાબતે મિલ્કત વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસીધ્ધ કરવા માટે ઉપરોકત માલીકે અમારા અસીલ ને સંમતી પણ આપેલ છે. તેથી મજકુર નીચેની વીગતની મિલ્કતમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, હીત, લાગભાગ, હીસ્સો, કબજો, ગીરો લીયન વગેરે યા વપરાશના હકકો હોય યા ઈંડમેન્ટ સ્વરૂપનાં હકકો હોય યા કોઈ બેંક કે નાણાકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દીન-૧૦** માં લેખીત પુરાવાઓ સહિત અમને લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો આ વેચાણ સામે કોઈને વાંધો નથી કે અન્ય કોઈના હકક, હીત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કેં વેઈવેં કર્યા છે તેમ ગણી મુદત વીત્યે હમારા અસીલ તેઓ પાસેથી પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહી તેની તમામ લાગતા વળગતાઓએ છેવટની નોંધ લેવી.

:: મિલ્કતની વીગત ::
સુરત ડીસ્ટ્રીકટ **ઓલપાડ** સબડીસ્ટ્રીકટના ગામ મોજે **માસમા** નાં રેવન્યુ સર્વે નંબર **૧૭** યાને બ્લોક નંબર **૫૪૩** થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં ઔદ્યોગિક હેતુ માટે પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર **૬૬** ની સુમારે **૧૦૪.૦૫૧** ચો.મી ખુલ્લી જમીન વાળી મિલ્કત.

:: ગુમ થયેલ અસલ દસ્તાવેજોની વિગત ::
૧. સબરજીસ્ટ્રારશ્રી ઓલપાડ ની કચેરીમાં **તારીખ ૧.૧૧.૧૯૯૩** ના રોજ **અનુક્રમ નં. ૨૧૧૧** થી નોંધાયેલ **અસલ વેચાણ દસ્તાવેજ.** ૨. સબરજીસ્ટ્રારશ્રી ઓલપાડ ની કચેરીમાં **તારીખ ૧૩.૯.૧૯૯૩** ના રોજ **અનુક્રમ નં. ૧૬૪૦** થી નોંધાયેલ **અસલ સુધારા દસ્તાવેજ.**

તા. ૨૧.૦૨.૨૦૨૬
સરનામુ: ઓફીસ નં. ડી-૩, ચોથો માળ, પદમ આર્કેડ-૨, નાનપુરા, સુરત. મો. ૯૮૭૯૨ ૮૦૪૪૮
તુષાર એચ. મહેતા
એડવોકેટ

જાહેર નોટીસ

સુરત જીલ્લા તાલુકા **મજુરાના ગામ મોજે બમરોલીના** રે.સર્વે નં.૧૩૩ બ્લોક નં.૨૧૧ થી નોંધાયેલી બિનખેતીની જમીન કે જેનું ગામ દફતર મુજબ ક્ષેત્રફળ સુમારે ૨–૩૯–૭૮ હે.આરે.ચો.મી. છે યાને કે ૨૩૯૭૮ સમ ચો.મી. છે અને જેનો ગામ દફતર મુજબ આકાર રૂા.૧૪૩૮૭–૦૦ પૈસા છે અને જેનો ખાતા નં.૯૪ છે તેવી વિગત તથા વર્ણનવાળી બિનખેતીની જમીનનો ટી.પી. સ્કીમ નં.૫૬ (બમરોલી) માં સમાવેશ થતા ઓરિજિનલ પ્લોટ નં.૩૮ આપવામાં આવેલ અને ત્યારબાદ ફા.પ્લોટ ૩૮–એ (૧૫૯૩૦ ચો.મી.) તથા ૩૮–બી (૨૬૯૦ ચો.મી.) ફાળવવામાં આવેલ છે અને તેવી જમીનનું ટી.પી. દફતર મુજબ કુલ ક્ષેત્રફળ ૧૮૬૨૦ સમ ચો.મી. છે તેવી જમીન પૈકી ગામ દફતર મુજબના પ્રમાણસરના હિસ્સાની સુમારે ૩૪૬૪ સમ ચો.મી. જમીન તથા ફા.પ્લોટ નં.૩૮–બી ની સમગ્ર સુમારે ૨૬૯૦ સમ ચો.મી. જમીન તેના મુળ માલિક અમૃતભાઈ ઈશ્વરભાઈ પટેલ પાસેથી (૧) અજય જગદીશભાઈ રબારી (૨) ચેતનાબેન બિપીનભાઈ દેસાઈ (૩) નરેશ ઓધડભાઈ બંધિયા (૪) પૃથ્વી જીલુભાઈ બંધિયા (૫) પરેશકુમાર પ્રહલાદભાઈ પટેલનાઓએ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૪૮૭૫ થી તા.૧૧–૦૪–૨૦૨૩ ના રોજ વેચાણ રાખેલ છે. સબળ, સદરહુ જમીન ઉપર કોઈપણ બેંક, ફાઈનાન્સીયલ ઈન્સ્ટીટયુશન કે અન્ય સંસ્થા કે કોઈ ઈસમ/ઈસમોનો ચાર્જ, લીયન, બોજો કે કશા પ્રકારના હકક, હીત, લાગભાગ, દર–દાવો કે કબજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં અમોને પુરાવા સહિત તેની લેખિતમાં જાણ કરવી. જેમ કરવામાં કસુર થયેથી કોઈના કશા પ્રકારના હકકો નથી અને હોય તો તે જતા કરેલ છે. ત્યારબાદ કોઈની કશા પ્રકારની તર–તકરાર ચાલશે નહીં.જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓ.: ૫૦૪, આઈકોન બીલ્ડીંગ, પીપલોદ, સુરત. મો.૯૯૭૪૭ ૭૧૦૦૦
જોનસન ઈજારદાર
તે અજય જગદીશભાઈ રબારી વિગેરેના એડવોકેટ

ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ આપવા માટેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનુ કે સુરત ડિસ્ટ્રીકટ અડાજણ સબ ડિસ્ટ્રીકટ શહેર સુરતના **મોજે ગામ રાંદેર**ના રે.સ.નંબર ૨૩૦ જેનો ટી.પી. સ્કીમ નંબર ૧૪ (રાંદેર–અડાજણ) ના ફાયનલ **પ્લોટ નં.૩૩ તથા ૩૮ પૈકી ફાયનલ પ્લોટ નં.૩૮** વાળી બીન ખેતીની જમીનમાં બાંધવામાં આવેલ **શાંતિસદન કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી.** માં બાંધવામાં આવેલ બીલ્ડીંગ નં. એ–૧ માં આવેલ **દુકાન નં.એ/૨૦** વાળી મિલકતના **માલીક બલરામ પરસોત્તમભાઈ ભગત** ચાલી આવેલ જેઓને સોસાયટી તરફથી શેર સટીફિકેટ રૂ.૨૫૦ તથા કુલ જમીન બાંધકામનો ફાળો રૂ.૨,૦૬,૩૮૮/ પુરા સ્વીકારી સોસાયટી દ્વારા અસલ શેર સર્ટીફિકેટો ફાળવી આપવામાં આવેલ, જે અંગેનું કલેકટર કચેરી સુરત માંથી હિસાબ ચકાસણી યાદીની ખરી સહી સિકકાવાળી નકલમાં પણ સદરહું મિલક્તના શેર સર્ટીફિકેટ દફતરે બલરામ પરસોત્તમભાઈ ભગતનું નામ ચાલી આવેલ છે, પરંતુ મજકુર શેર સર્ટિફિકેટ બલરામ પરસોત્તમભાઈ ભગતથી ગેરવલ્લે થઈ ગયેલ છે જેની ઘણી શોધખોળ કરેલ તેમ છતાં તેમને મળી આવેલ ન હોય તેઓએ સોસાયટી પાસે ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ આપવા માટે તા. ૦૨/૦૨/૨૦૨૬ ના રોજ અરજી કરી માંગણી કરેલ છે જેથી આ ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ આપવા બાબતે કોઈને પણ વાંધો–વચકો તર તકરાર દરદાવો હોય તો લેખિત પુરાવા સાથે દિન–૭ માં હમારા નીચે જણાવેલ સરનામે પુરાવા સહિત મુદતમા જાણ કરવી, જો તેમ ન થાય તો હમો સોસાયટીના પ્રમુખશ્રી બલરામ પરસોતમભાઈ ભગતને ડુપ્લીકેટ શેરસર્ટીફીકેટ એલૉટ કરી દઈશુ, જેથી ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહી, તેની આથી લાગતા વળગતા તમામ નોંધ લેશોજી. (તા. ૨૧/૦૨/૨૦૨૬)

પ્રમુખશ્રી તથા સેકેટરીશ્રી
શાંતિસદન કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી.
ઠેકાણું - રાંદેર રોડ, સુરતનાં

ખરીદ–વેચાણ અંગે જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત : ડિસ્ટ્રીકટ, સબ–ડિસ્ટ્રીકટ : સુરત સીટીના મોજે ગામ : ખટોદરાના રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૩/૨/૪, જેનો ટી.પી.સ્કીમ નંબર : ૬ (મજુરા–ખટોદરા), એફ.પી. નંબર : ૨૮૫ થી નોંધાયેલ જમીનમાં આયોજીત **''સુમન દેસાઈની વાડી''** માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૪૩, જેનો સીટી સર્વે નંબર : ૧૦૨૪, ૧૦૨૫, ૧૦૨૬, ૧૦૨૭, ૧૦૨૮ તથા ૧૦૨૯, જેનુ અનુક્રમે ક્ષેત્રફળ ૨૧.૨૯, ૧૯.૧૨, ૧૮.૦૧, ૨૦.૦૨, ૧૮.૯૧ તથા ૧૭.૯૯ યાને કુલ્લે ૧૧૫.૩૪ ચોરસ મીટર વાળી બાંધકામ સહિતની મિલકતના માલિક, મુખત્યાર તથા કબજેદાર (૧) કૃષ્ણકાંત શાંતીલાલ રેશમવાલા, (૨) રમેશભાઈ શાંતીલાલ રેશમવાલા, (૩) સ્વ. અરવિંદભાઈ શાંતિલાલ રેશમવાલાના સીધીલીટીના વારસદાર તરીકે..(૩.૧) કંચનબેન અરવિંદલાલ રેશમવાલા, (૩.૨) હિના યોગેશભાઈ રાણા તે અરવિંદલાલ રેશમવાલાની પુત્રી, (૩.૩) વિશાલ અરવિંદલાલ રેશમવાલા, (૩.૪) રાહુલ અરવિંદલાલ રેશમવાલા, (૩.૫) તેજલ શૈલેષકુમાર ઘંટીવાલા તે અરવિંદલાલ રેશમવાલાની પુત્રી, (૪) સ્વ. મદનભાઈ શાંતિલાલ રેશમવાલાના સીધીલીટીના વારસદાર તરીકે...(૪.૧) દમયંતિબેન મદનલાલ રેશમવાલા, (૪.૨) ચૈતાલી જીતેશકુમાર ગીલીટવાલા તે મદનલાલ રેશમવાલાની પુત્રી, (૪.૩) કોમલ તે મદનલાલ રેશમવાલાની પુત્રી તથા (૪.૪) એકતા ધર્મેશ કાપડીયા તે મદનલાલ રેશમવાલાની પુત્રીનાઓએ સદરહુ મિલકત તેઓની સહ-માલિકી, કબજા ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળની બીન તકરારી, નકરજી, નબોજી તથા ચોખ્ખા ટાઇટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, જે અંગે બાનાની રકમ પણ અમારા અસીલ પાસેથી સ્વીકારી અમારા અસીલની તરફેણમાં કાયદેસરના લખાણો કરી આપેલ છે. તેથી સદરહુ મિલકતમાં સરકારી, અર્ધ-સરકારી કે કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, મંડળી, બેંક કે અન્ય કોઇનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, અધિકાર, અલાખો, લીઝ પેન્ડન્સ, લીયન, એટેચમેન્ટ, કબજો, બોજો, લાગભાગ, દર-દાવો કે અન્ય કોઈ ત્રાહીત ઇસમોનું હિત સમાયેલ હોય કે સદરહુ મિલકત અંગે અન્ય કોઈની તરફેણમાં કોઈપણ જાતના સાટાખત, બાનાખત, સોદાચિઠ્ઠી, ગીરોખત, કરાર, લખાણ, પાવર ઓફ એર્ટોની, વીલ, જામીનગીરી વિગેરે કરેલ હોય કે કોઈના કોઈપણ જાતના ખોરાકી-પોષાકી કે આજીવન રહેવાનો કે ઈંડમેન્ટનો હકક સદર વેચાણ વ્યવહાર બાબતના કોઈના કોઈપણ જાતના હકક-હિત કે અધિકાર હોય કે કોઈપણ જાતનો વાંધા-વિરોધ કે તર-તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને આધાર-પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે રૂબરૂમાં અથવા લેખીતમાં જાણ કરવી. જો સમય મર્યાદામાં તેમ કરવામાં ન આવે તો, મુદત વિત્યે સદરહું મિલકતમાં કોઈપણ પ્રકારનો કોઈનો હકક-હિત-અધિકાર સંબંધ નથી, અને હોય તો જતા યાને વેવ કરેલ છે, તેવું માનીને અમારા અસીલ શુધ્ધબુધ્ધિ પુર્વક ઉપરોકત વિગત વર્ણન વાળી મિલકતનો વેચાણ વ્યવહાર/સોદો સંપૂર્ણ કરશે અને કરાવી લેશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધા-વિરોધ કે તર-તકરાર કે દર-દાવો ચાલશે નહીં, અને તેવા ખોટા વાંધા-વિરોધ કે તર-તકરાર કે દર-દાવા ઉભા કરનારને માત્રને માત્ર દાવા-દુવી તેમજ કોર્ટ લીટીગેશન સિવાય કોઈનો કોઈપણ પ્રકારનો હકક-હિત-અધિકાર પ્રાપ્ત થશે નહી. જેની આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

અમારા અસીલની સુચના અને ફરમાઈશથી
જયકુમાર સી. સખિયા-એડવોકેટ
૧૬૦, અવધ વાઈસરોય, સરથાણા જકાતનાકા,વરાછા રોડ, સુરત-૩૯૫ ૦૦૬.
મોબાઇલ નંબર : ૮૧૪૦૧-૫૧૦૩૦

અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન બે દિવસના ગુજરાત પ્રવાસે

અમદાવાદ : આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આવતીકાલ તા 21 અને 22 ફેબ્રુઆરીએ બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે.

21 ફેબ્રુઆરીએ કેજરીવાલ અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા બાદ મીડિયા સંબોધન કરશે. ત્યારબાદ સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પ્રદેશ નેતૃત્વ સાથે સંગઠનાત્મક બેઠક યોજાશે. જ્યારે બીજા દિવસ 22 ફેબ્રુઆરીએ ભાવનગર ખાતે યોજાનારા સમૂહ લગ્નમાં બંને નેતાઓ હાજરી આપશે. તેમજ વલ્લભીપુર તાલુકાના પછે ગામમાં મુરલીધર મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ ઉપસ્થિત રહેશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે આ મુલાકાત રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

તા. ૧૭–૦૨–૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર દૈનિક પત્રમાં અશરફ હુસેનભાઈ શેખનાએ તેમના એડવોકેટ જીતેન્દ્ર એ. વાંકાવાલાનાઓ મારફતે ગેરકાયદેસરની જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવેલ તે વિરૂધ્ધનો કાયદેસરનો લેખીત જવાબ સહીતની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને તથા લાગતા વળગતા તમામને અમારા અસીલો તરફે મળેલ ખાસ સુચના અને ફરમાઈશ અન્વયે જણાવવાનું કે,

અશરફ હુસેનભાઈ શેખનાએ તેઓની જાહેર ચેતવણીમાં, ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે ગામ કછોલીમાં આવેલ નીચે જણાવેલ વિગત તથા વર્ણનવાળી ખેતીની જમીનોનો ઉલ્લેખ કરેલ છે. તે જમીનો અમારા અસીલ મહમદ અહમદ નગદી તથા તેઓના અન્ય ભાઈ બહેનોની સંયુકત માલીકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલ છે